સુવિચાર : છત ટપકતી હૈ ઉસકે કચ્ચે ઘર કી... વો કિસાન ફિર ભી... બારીશ કી દુઆ કરતા હૈ... - નાઝ કાનપુરી

તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૪ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫, સોમવાર ; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- મુંબઇ ટ્રેન બ્લાસ્ટના કેસમાં આજે સજાની જાહેરાત થશે
- લદ્દાખની રાજનાથસિંહની મુલાકાત હાલ પુરતી મોકૂફ
- માંઝીના પુત્ર પ્રવિણની ચાર લાખની રોકડ સાથે ધરપકડ
- ટ્રેનોમાં વિમાનની જેમ જ વેક્યુમ ટોયલેટ ગોઠવવાની શરૂઆત
- ઝાબુઆ બ્લાસ્ટ : મૃત્યુઆંક વધીને ૧૦૭, સેંકડો ઘાયલ
- વડાપ્રધાન મોદી ફેસબુક હેડક્વાર્ટર ઉપર પણ જશે
- આંદ્રે બેરટોને હાર આપીને મેયવેદર અપરાજિત રહ્યો
- તોઇબાનો મોસ્ટવોન્ટેડ ત્રાસવાદી આખરે ઠાર
- યુદ્ધગ્રસ્ત યમનમાં ૭૦થી વધુ ગુજરાતી લોકો હાલ ફસાયા
- વધારે કઠોળની આયાત કરવા સરકારની તૈયારી
- સ્ટાર જોની વોકર પર હવે ફિલ્મ બનાવવાની તૈયારી

# આજે સરકાર સાથે આંદોલનના નેતાઓની મંત્રણા



**મુખ્યમંત્રી આનંદીબેનની આજે હાર્દિક પટેલની સાથે વાતચીત થશે : મુખ્યપ્રધાન સાથેની બેઠકમાં કોઈ ફળદાયી પરિણામ નહી આવે તો અનામત આંદોલન વિરોધ પ્રદર્શન આગળ વધશે**



અમદાવાદ,તા. ૧૩
ગુજરાતમાં પાટીદાર આનામત આંદોલનને આગળ વધારી રહેલા હાર્દિક પટેલની આવતીકાલે ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ સાથે યોજાનારી બેઠક પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. શનિવારે મોડી રાત્રે રિવર્સ ડાંડી માર્ચને મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. રિવર્સ દાડી યાત્રા આજે સવારે શરૂ થનાર હતી. મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ સોમવારના દિવસે હાર્દિક પટેલને મળવા માટે સહમત થઈ ગયા બાદ રિવર્સ દાડી યાત્રીને મોકુફ કરવામાં આવી હતી. હાર્દિકે કહ્યુ હતુ કે મુખ્યપ્રધાન અમને મળવા માટે રાજી થઈ ગયા છે. જો કે તેમણે કહ્યુહતુ કે જો બેઠકમાં કોઈ ફળદાયી પરિણામ આવશે નહી તો ફરીવાર વિરોધ શરૂ કરાશે. પાટિદાર અનામત આંદોલન સમિતીના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા ઓબીસી ક્વોટા હેઠળ અનામતની માંગ કરી રહ્યા છે. અગાઉ ગઈકાલે મોડી રાત્રે પણ ગુજરાત સરકારે નિર્ધારિત કાર્યક્રમ મુજબ આજે રવિવારના દિવસથી શરૂ થનારી હાર્દિકની રિવર્સ દાંડી માર્ચને મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. છઠ્ઠી સપ્ટેમ્બરના દિવસે પણ મંજૂરી આપવામાં આવી ન હતી. હાર્દિકે અગાઉ કહ્યુ હતુ કે કોઈ પણ કિંમતે જંગી રેલી યોજવામાં આવનાર છે. રિવર્સ દાડી યાત્રાને રદ કરતા પહેલા તેમણે કહ્યુ હતુ કે માર્ચ ૭૮ લોકો સાથે શરૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ તેમાં ૫૦૦૦૦ લોકો જોડાઈ જશે. વર્ષ ૧૯૩૦માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ દાંડીમાર્ચ યોજી હતી. જેની દેશની સ્વતંત્રતામાં મુખ્ય ભૂમિકા રહી હતી. ગઈકાલે મોડી રાત્રે ટેલિફોન પર રાજ્યના નાણાંપ્રધાન સૌરભ પટેલ સાથે પાટીદાર આગેવાનોની વાત થઈ હતી. પાટીદાર અનામત આંદોલન સમિતીના સુરત કન્વીનર અલ્પેશ કથિરિયાએ કહ્યુ હતુ કે સૌરભ પટેલે અમારો સંપર્ક કર્યો હતો. જેના કારણે દાંડીથી સાબરમતી

● અનુસંધાન પાન-૭ પર

# કુંભના બીજા શાહી સ્નાનમા લાખો ભાવિકો ઉમટ્યા



નાસિક,તા. ૧૩
નાસિક કુંભમાં આજે બીજા શાહી સ્નાનના દિવસે પણ લાખો નિરંજની અખાડા અને જુના અખાડા સહિત તમામ અખાડાના સંતોએ સૌથી પહેલા પવિત્ર ડુબકી લગાવી

**સવારમાં શાહી યાત્રા નિકળી જેમાં હજારો મહંત-સંતો જોડાયા : નિરંજની અખાડા સહિત અનેક અખાડા દ્વારા વહેલી સવારે સ્નાન : અખાડાના સંતો બાદ લોકો દ્વારા ડુબકી : વહેલી સવારે ચાર વાગ્યાથી જ શાહી સ્નાન**

શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. શાંતિપૂર્ણરીતે શાહી સ્નાનની પ્રક્રિયા વહેલી સવારથી શરૂ થઈ હતી. હતી. ત્યારબાદ શ્રદ્ધાળુઓ પણ અમટી પડ્યા હતા. અખાડાના શાહી સ્નાન ખતમ થયા બાદ સામાન્ય લોકોને તક આપવામાં આવી હતી. ત્રયંબકેશ્વરમાં શાહી સ્નાની પ્રક્રિયા સવારે વહેલી પરોઢે ચાર વાગ્યા સુધી શરૂ ગઈ હતી. જ્યારે નાસિકમાં આની શરૂઆત સવારે છ વાગે થઈ હતી. કુંભ મેળાના દરમિયાન ગોદાવરીના કિનારે શાહી સ્નાન માટે નાસિક શહેર અને ત્રંયબકેશ્વરમાં પહેલાથી જ તમામ તૈયારી કરી લેવામાં આવી હતી.

સવારે તપોવનથી રામ કુડ સુધી શાહી યાત્રા નિકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં મહંત, ત્રણ વૈષણવ અખાડા,નિર્મોહી, નિર્વાણી અને દિગ્બરના સંતો સામેલ થયા હતા. જ્યારે ત્રંયબકેશ્વરમાં પણ ૧૦થી વધુ અખાડાના લોકોએ આવી જ યાત્રા કાઢી હતી. શાહી સ્નાનની વિધી મોડી રાત સુધી ચાલનાર છે. બીજા શાહી સ્નાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ શાહી સ્નાનની પ્રક્રિયા ૨૯મી ઓગષ્ટના દિવસે યોજાઈ હતી.

# ભારે ઉકળાટ બાદ મોડી સાંજે વરસાદી ઝાપટુ

## દિવસ દરમ્યાન ખુબ ગરમી રહ્યા બાદ સાંજે વાતાવરણ પલ્ટાયુ : વરસાદી ઝાપટાથી માર્ગો ભીંજાયા

ગાંધીનગર, તા. ૧૩
સમગ્ર દિવસ દરમ્યાન ભારે ગરમી અને ઉકળાટ રહ્યા બાદ મોડી સાંજે શહેરમાં કેટલાક સ્થળોએ ઝાપટુ પડ્યું હતું. માર્ગો ભીંજાઈ ગયા હતા. જો કે થોડીકવાર છાંટા પડ્યા બાદ વરસાદ બંધ થઈ જતાં વસાહતીઓ નિરાશ થયા હતા.



છેલ્લા કેટલાય દિવસોથી શહેરમાં ભારે ગરમી પડી રહી છે. વરસાદ તો જાણે સાવ ગાયબ થઈ ગયો છે. સત્તાવાર રીતે હજુ ચોમાસુ ચાલુ હોવા છતાં નોંધપાત્ર કહી શકાય તેવો વરસાદ નથી. આવા સંજોગોમાં છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી આકરી ગરમી અને ભારે ઉકળાટ-બફારાથી સૌ કોઈ ત્રાસી ગયા છે. રવિવારે પણ આખો દિવસ આકરો તડકો પડ્યા બાદ મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. શહેરના ઘણા વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડ્યું હું. ઝાપટાના કારણે માર્ગો ભીંજાઈ ગયા હતા. જોકે અપેક્ષા મુજબ ધોધમાર વરસાદ ન વરસતા વસાહતીઓ નિરાશ થયા હતા. પાંચ-દસ મિનિટ વરસ્યા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો.

## કોઈ મતભેદ હોવાનો હાર્દિક અને લાલજી પટેલનો સાફ ઈન્કાર

અમદાવાદ,તા. ૧૩
પાટીદાર અનામત આંદોલનને લઈને રિવર્સદાંડી યાત્રા મોકૂફ કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે સોલા ઉમિયા કેમ્પસ ખાતે પાટીદારોની અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં પાટીદારોના બે નેતા હાર્દિક પટેલ અને લાલજી પટેલ એક મંચ ઉપર નજરે પડ્યા હતા. બંને લીડરોએ તેમની વચ્ચે કોઈ મતભેદ હોવાનો પણ સાફ ઈન્કાર કર્યો હતો. પાટીદાર સમાજની આ બેઠકમાં મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરદાર પટેલ હોલ ખાતે આ બેઠક મળી હતી જેમાં પોતપોતાના અભિપ્રાય પણ રજૂ કરવામાં આવ્યા હતા. લાલજી પટેલ અને હાર્દિક પટેલે એક હોવાની વાત કરતા કહ્યું હતું કે, તેમની વચ્ચે મતભેદ હોવાના અહેવાલ માત્ર મિડિયાની કલ્પના છે. તેમની વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત પ્રમુખની બેઠક સામાન્ય પુરૂષ માટે નિયત

ગાંધીનગર, તા. ૧૩
પંચાયતની સામાન્ય ચૂંટણી માટેના પડઘમ વાગી ચુક્યા છે ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ પદની બેઠક આ વખતે સામાન્ય પુરૂષ માટે અનામત બનશે તેવી અટકળો સાથે જિલ્લાના રાજકીય વાતાવરણમાં આવી ગયો છે.

પંચાયતની હાલની પ્રમુખપદની બેઠક મહિલા માટે અનામત છે. નવા પ્રમુખપદની બેઠક નિયત કરવા અંગેની કવાયત અંતિમ તબક્કામાં છે પણ આ બેઠક સામાન્ય પુરૂષ માટે નિયત કરવામાં આવી હોવાના નિર્દેશો પછી ટિકિટ વાંચ્છુઓએ ટિકિટ મેળવવાની ગતિને વધુ વેગીલી બનાવી છે.

જિલ્લામાં પંચાયતની ચૂંટણીને લઈ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થઈ ચુકી છે અને

**પંચાયતના રાજકારણમાં ગરમાવો-‘‘જુઓ; જાણો સૌ સારા વ્હાના થશે’’ની રાજકીય ચાલમાં પક્ષોના આગેવાનો**

આગામી સપ્તાહમાં આખરી પ્રસિદ્ધિ બાદ ચૂંટણીનું જાહેરનામુ છેલ્લા સપ્તાહમાં આવશે તે સ્પષ્ટ બનતાં જ જિલ્લાના રાજકીય આગેવાનો સક્રિય બની ગયા છે.

ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આમ તો પંચાયતનો આ સીધો જંગ હશે. બન્ને પક્ષો દ્વારા એક બીજાને મ્હાત કરવા માટેની વ્યુહરચના સ્થાનિક આગેવાનોને સાથે રાખી તૈયાર કરવામાં આવી રહી છે.

ઉમેદવારોની પસંદગી માટે નિરીક્ષકો સામે રજુઆત કરતાં પહેલાં ધારાસ્યો સમક્ષ સ્કીનીંગ પ્રક્રિયા કરાશે અને ત્યાર બાદ જ ઉમેદવારોની રજુઆતો સાંભળવાની વ્યુહરચના ભાજપે અપનાવી છે તો કોંગ્રેસે કાર્યકરો સાથે ખાટલા પરિષદો અને બેઠકોના સિલસિલા વચ્ચે ઉમેદવારોની પેનલો તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

પંચાયતના પ્રમુખપદની બેઠક સામાન્ય બેઠક બનતી હોવાથી રાજકારણના રસિયાઓ માની રહ્યા છે કે નવા સીમાંકનમાં ટિકિટ મેળવવી અઘરી છે પરંતુ પસંદગી થવી જરૂરી છે. હાલ તો નેતૃત્વને લઈ પક્ષો કંઈ જ બોલવાના મુડમાં નથી ‘‘માત્ર જોયા કરો બહુ સારૂ થશે’’ની નવી નીતિ અખત્યાર કરી છે.





